**બીઆરસી/યુઆરસી તેમજ સીઆરસી કો–ઓર્ડીનેટરની પ્રતિનિયુક્તિથી જગ્યા ભરવા અન્વયેની પરીક્ષા તારીખ ૭ મી જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ યોજાનાર છે જે અંગેની વિગત:**

બીઆરસી/યુઆરસી તેમજ સીઆરસી કો–ઓર્ડીનેટરની પ્રતિનિયુક્તિથી જગ્યા ભરવા માટે અગાઉ તારીખ ૫.૧૦.૨૦૧૭ ના રોજ જાહેરાત આપવામાં આવેલ. તે અંતર્ગત જે વિદ્યાસહાયક/ શિક્ષક મિત્રોએ સમયમર્યાદામાં ઓનલાઈન અરજી કરી હતી તેમની પરીક્ષા તા.૧૯ નવેમ્બર ૨૦૧૭ ના રોજ યોજાનાર હતી. પરંતુ રાજ્યમાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવતાં આ પરીક્ષા મોકૂફ રાખાવામાં આવેલ હતી.

**હવે આ પરીક્ષા તારીખ ૭ મી જાન્યુઆરી ૨૦૧૮** નાં રોજ ચાર ઝોન કક્ષાએ **ઝોન–૧ અમદાવાદ** (અમદાવાદ, આણંદ, બોટાદ, દાહોદ, ગાંધીનગર, ખેડા, મહિસાગર, પંચમહાલ, સુરેન્દ્રનગર અને એ.એમ.સી.), **ઝોન–૨ રાજકોટ** (અમરેલી, ભાવનગર, દેવભૂમિ દ્વારકા, ગીરસોમનાથ, જામનગર, જૂનાગઢ, કચ્છ, મોરબી, પોરબંદર, રાજકોટ, આર.એમ.સી.), **ઝોન–૩ મહેસાણા** (અરવલ્લી, બનાસકાંઠા, મહેસાણા, પાટણ, સાબરકાંઠા), **ઝોન–૪ સુરત** (ભરૂચ, છોટાઉદેપુર, ડાંગ, નર્મદા, નવસારી, સુરત, તાપી, વડોદરા, વલસાડ, એસ.એમ.સી., વી.એમ.સી.) યોજાનાર છે.

અગાઉ આપવામાં આવેલ જાહેરાતની શરતો/નિયમો અનુસાર આપ પાત્રતા ધરાવતા હશો તે શરતે આ પરીક્ષામાં બેસવા માટે લાયક ગણવામાં આવે છે. બાદમાં જો આપ જાહેરાતના અનુસંધાને પાત્રતા ધરાવતા નથી તેમ માલૂમ પડતા આપની ઉમેદવારી રદ કરવામાં આવશે. આપ આ પરીક્ષા આપની અરજીની ચકાસણી કર્યા સિવાય લેવામાં આવતી હોવાથી માત્ર અરજી કરવાથી કે પરીક્ષા આપવાથી આપ ઉમેદવારી માટે લાયક છો તે દલીલ ધ્યાને લેવામાં આવશે નહીં તેની ખાસ નોંધ લેવી.

આપના કોલ લેટર www.ssagujarat.org વેબસાઈટ પર જઈ તારીખ ૨.૧.૨૦૧૮ મંગળવાર (૧૧:૦૦ કલાક) થી તારીખ ૭.૧.૨૦૧૮ (૯:૦૦ કલાક) સુધી ડાઉનલોડ કરી શકશો. પરીક્ષાનું માળખું અગાઉ જાહેરાતમાં દર્શાવ્યા પ્રમાણે રહેશે.